પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૫૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૦૬-૨૦૨૪ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## તમિલનાડુમાં લઠ્ઠાકાંડ ! ઝેરી દારૂ પીવાથી ૩૪થી વધુ લોકોના મોત

ચેન્નાઈ,

તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ૩૪થી વધુ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે. કલ્લાકુરિચી જિલ્લાના કલેક્ટર એમએસ પ્રશાંતે પુષ્ટિ કરી છે. મૃતકોની સંખ્યા વધી શકે છે. કલ્લાકુરિચી જિલ્લા કલેક્ટર એમએસ પ્રશાંતે જિલ્લાના સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર હેઠળના પીડિતો સાથે મુલાકાત કરી. આ મામલે ૪૯ વર્ષના (ગેરકાયદે દારૂ વેચનારા) કે. કન્નુકુટ્ટીની ધરપકડ કરાઈ છે અને તેની પાસેથી જપ્ત કરાયેલા ૨૦૦ લીટર ગેરકાયદેસર દારૂની તપાસમાં જાણવા મળ્યું છે કે તેમાં ઘાતક 'મેથનોલ' હતો.



મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને અનેક લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ વિરુદધ કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સ્ટાલિને એક્સ પર એક પોસ્ટમાં લખ્યું કે કલ્લાકુરિચીમાં ભેળસેળીયા દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું સ્તબ્ધ અને દુખી છું. આ મામલે સામેલ લોકોની ધરપકડ કરવામાં આવી છે.તેમણે કહ્યું કે જો જનતા આવા અપરાધોમાં સામેલ લોકો વિશે જાણકારી આપે તો તત્કાળ કાર્યવાહી કરવામાં આવશે. સમાજને બરબાદ કરનારા આવા અપરાધોને કડકાઈથી દબાવવામાં આવશે. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ઘટનાની સંપૂર્ણ તપાસ માટે સીબી સીઆઈડી તપાસના આદેશ આપ્યા છે. સરકારે ઘટના બાદ કલ્લાકુરિચી જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રવણ કુમાર જાટાવથની બદલી કરી દીધી છે. જ્યારે પોલીસ અધિક્ષક સમય સિંહ મીનાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અન્ય નવ પોલીસકર્મીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેમાં કલ્લાકુરિચી જિલ્લાની પ્રોહિબિશન શાખાના લોકોનો પણ સમાવેશ થાય છે.

સ્ટાલિને અસરગ્રસ્ત પરિવારોને તમામ સહાય પૂરી પાડવા વરિષ્ઠ મંત્રીઓ ઈ.વી. વેલુ અને એમ.એ. સુબ્રમણયમને કલ્લાકુરિચી મોકલ્યા હતા. એમએસ પ્રશાંત અને રજત ચતુર્વેદીની અનુક્રમે કલ્લાકુરિચી જિલ્લાના નવા જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તમિલનાડુના રાજયપાલ આરએન રવિએ લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો અને પીડિતોના જલદી સ્વસ્થ થવાની કામના પણ કરી છે .કલ્લાકુરિચીના જિલ્લા કલેકટર એમ.એસ. પ્રશાંત જિલ્લાની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને મળ્યા હતા.

કલ્લાકુરિચીમા મૃતકોની સંખ્યા સતત વધી રહી છે છેલ્લે મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં ૩૪ લોકોના મોત થઈ ચૂક્યા છે. પોલીસે જણાવ્યું કે મંગળવારે રાતે કલ્લાકુરુચિ શહેર અને આજુબાજુના વિસ્તારોમાં ડઝન જેટલા લોકોએ કરુણાપુરમમાં ગેરકાયદેસર દારૂ પીધો હતો. ઘરે પહોંચ્યા બાદ તેમાંથી મોટાભાગના લોકોને ચક્કર, માથાનો દુખાવો, ઉલ્ટી, જીવ ડોહળાવવો, પેટમાં દુખાવો, અને આંખોમાં બળતરાની ફરિયાદ હતી. તેમના પરિવારના સભ્યો તેમને શહેરની એક ખાનગી હોસ્પિટલ અને કલ્લાકુરિચી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ લઈ ગયા. જ્યાં અનેક લોકોના મોત નિપજ્યા. અધિકારીઓએ કહ્યું છે કે દવાઓ વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ અને સાલેમથી લાવવામાં આવી છે. કલ્લાકુરિચી હોસ્પિટલમાં ડોક્ટરોની વિશેષ ટીમને બોલાવવામાં આવી છે. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે.કલ્લાકુરિચી હોસ્પિટલમાં ડોક્ટરોની વિશેષ ટીમ બોલાવવામાં આવી૨૦થી વધુ લોકોને કલ્લાકુરિચી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૧૮ લોકોને પુડુચેરી જેઆઈપીએમઈઆર અને ૬ લોકોને સાલેમ રિફર કરવામાં આવ્યા હતા. તેમની સારવાર માટે વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ અને સાલેમથી દવાઓ મંગાવવામાં આવી છે. . આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે.એઆઈએડીએમકેએ ભેળસેળયુક્ત દારૂ પીવાથી લોકોના મોતના મુદ્દે રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા છે. વિપક્ષના નેતા ઈડાપ્પડી કે પલાનીસ્વામીએ કહ્યું કે ઝેરી દારૂ પીધા બાદ લગભગ ૪૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.ડીએમકે સરકાર સત્તામાં આવી ત્યારથી નકલી દારૂના સેવનથી મૃત્યુનો સિલસિલો ચાલુ છે. હું રાજ્યની વિધાનસભામાં પણ આ મુદ્દો ઉઠાવી રહ્યો છું અને કાર્યવાહીની માંગ કરી રહ્યો છું. મારી માંગ છે કે રાજ્ય સરકાર આ મુદ્દે કડક કાર્યવાહી કરે. પૂર્વ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે કલ્લાકુરિચીમાં ગરીબ લોકોના અમૂલ્ય જીવ ગયા છે.

પીએમકેના સ્થાપક નેતા એસ રામદોસે માંગ કરી હતી કે સ્ટાલિન મૃત્યુની જવાબદારી લે. તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસ


વિભાગ અને સરકાર નકલી દારૂના વેચાણ પર અંકુશ લાવવામાં અસમર્થ છે. તેમણે સરકાર પાસેથી મૃતકોના પરિવારને ૧૦ લાખ રૂપિયાના વળતરની માંગ કરી છે.

બીજેપીના પ્રદેશ અધ્યક્ષ કે અન્નામલાઈએ ડીએમકે પર કહ્યું કે તેઓ પાઠ શીખ્યા નથી અને તેમના ગેરવહીવટના કારણે આજે વધુ ૫ લોકોના મોત થયા છે. ડીએમકે સરકારમાં કોઈ જવાબદારી નથી. તેમના મંત્રીઓ ઝેરી દારૂ વેચનારાઓ સાથે ફોટા પડાવે છે. તેમને કોઈ ડર નથી.

## ઈઝરાયેલ અને હમાસ યુદ્ધ જાહેર જનતાને તેમજ પર્યાવરણને નુકસાન પહોંચાડે છે

ગાઝા

ઈઝરાયેલ-ગાઝા સંઘર્ષ માનવજાત માટે કોઈ દુર્ઘટનાથી ઓછો નથી. આ સંઘર્ષે હજારો લોકોના જીવ લીધા છે એટલું જ નહીં પર્યાવરણ માટે પણ વિનાશક સાબિત થઈ રહ્યું છે. યુદ્ધના પ્રથમ ૧૨૦ દિવસમાં નાશ પામેલી ઈમારતોનું પુનઃનિર્માણ ૬૦ મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ જેટલું ઉત્સર્જન કરશે. આ યુદ્ધને કારણે ગાઝાનું પાણી, માટી અને હવા નાશ પામી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અર્થતંત્રને વ્યાપક નુકસાન થયું છે. આ સાથે, આસપાસના જીવનનું દરેક પાસું હવે કોઈને કોઈ સ્વરૂપે પ્રદૂષણથી ભરેલું છે, પ્રદૂષિત પાણી પુરવઠાથી લઈને સળગતી ઈમારતો અને મૃતદેહોમાંથી નીકળતા ઝેરી ધુમાડાથી ભરેલી હવા.



ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા આઠ મહિનામાં ગાઝામાં સંઘર્ષમાં ૩૭,૩૪૭ લોકોના મોત થયા છે. ગાઝા પટ્ટીમાં અત્યાર સુધીમાં ૮૫,૩૭૨ લોકો ઘાયલ થયા છે. આ સંઘર્ષને કારણે અત્યાર સુધી લાખો લોકોને વિસ્થાપનની પીડા સહન કરવી પડી છે. ઈઝરાયેલમાં અત્યાર સુધીમાં લગભગ ૧,૬૦૦ લોકોના મોત થયા છે. ઘાયલોની સંખ્યા ૧૪ હજારની નજીક પહોંચી ગઈ છે. અભ્યાસ સાથે સંકળાયેલા સંશોધક પેટ્રિક બિગર કહે છે કે સશસ્ત્ર સંઘર્ષો વિશ્વને વિનાશક ગરમીની અણી પર ધકેલી રહ્યા છે. આ અહેવાલમાં યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (ઙ્કહ્લઝ્રઝ્ર) દ્વારા સૈન્ય ઉત્સર્જનની તાત્કાલિક જાણ કરવા માટે કહેવામાં આવ્યું છે જેથી સંઘર્ષની આબોહવાની અસરોને વધુ સારી રીતે સમજવા અને મર્યાદિત કરી શકાય.

એક અહેવાલ અનુસાર, ઈઝરાયેલ-ગાઝા સંઘર્ષના પ્રથમ ૧૨૦ દિવસમાં ઉત્સર્જન લગભગ ૨૬ દેશોના વાર્ષિક ઉત્સર્જન કરતાં વધુ હતું. તે જ સમયે, જો આ યુદ્ધ દરમિયાન ઈઝરાયેલ અને હમાસ દ્વારા કરવામાં આવેલ બાંધકામને પણ તેમાં સામેલ કરવામાં આવે તો આ ઉત્સર્જન ૩૬ દેશોના કુલ ઉત્સર્જન કરતા વધુ છે. રિપોર્ટ અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીના પ્રથમ ૧૨૦ દિવસમાં સરેરાશ ૫,૩૬,૪૧૦ ટન કાર્બન ડાયોક્સાઇડ યુદ્ધના કારણે સીધો ઉત્સર્જિત થયો હતો, જે વધીને ૬,૫૨,૫૫૨ ટન થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન મોટા પાયે બોમ્બ ધડાકા, રોકેટ હુમલાઓ અને જાસૂસી ફ્લાઈટ્સ સહિત લશ્કરી પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

આમ, વૈશ્વિક કાર્બન ઉત્સર્જનના લગભગ સાડા દસ ટકા માટે લશ્કરી સંઘર્ષો જવાબદાર છે, તેમ છતાં આ ઉત્સર્જનની વારંવાર જાણ કરવામાં આવતી નથી, અભ્યાસના તારણમાં જણાવાયું છે. આવી સ્થિતિમાં, સંશોધકોએ આબોહવાની ગણતરીમાં આ ઉત્સર્જનને ટ્રેક કરવા અને તેનો સમાવેશ કરવા પર ભાર મૂક્યો છે.

લંડનની ક્વીન મેરી યુનિવર્સિટી સાથે સંકળાયેલા પ્રોફેસર અને મુખ્ય સંશોધક ડો.બેન્જામિન નેમાર્ક કહે છે કે જ્યારથી વિશ્વ આબોહવા પરિવર્તન અને લશ્કરી સંઘર્ષના બેવડા સંકટનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, યુદ્ધની પર્યાવરણીય અસરોને સમજવી અને ઘટાડવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## લાલ સમુદ્ર પર હુતી આતંકવાદીઓનો આતંક, વધુ એક જહાજ ડૂબી ગયુ



ગાઝા.

હુતી આતંકવાદીઓ દ્વારા લાલ સમુદ્રમાં વધુ એક જહાજ ડૂબી ગયું હતું. આ પહેલા ૨ માર્ચે હુતીના હુમલામાં બ્રિટિશ જહાજ રૂબીમાર ડૂબી ગયું હતું. ૧૨ જૂને લાઈબેરિયન ધ્વજ ધરાવતા ગ્રીક જહાજ ટ્યૂટર પર બે વાર હુમલો કરવામાં આવ્યો હતો. તે કોલસો લઈ જતો હતો. પ્રથમ, રિમોટ-કંટ્રોલ્ડ વિસ્ફોટકોથી ભરેલો મત વહાણની સામે વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. બાદમાં જહાજ પર મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. આમાં જહાજ પર હાજર એક ક્રૂ મેમ્બરનું મોત થયું હતું.

બ્રિટિશ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ) એ જણાવ્યું હતું કે આ હુમલો બંદર શહેરથી લગભગ ૬૬ નોટિકલ માઈલ દક્ષિણ-પશ્ચિમમાં થયો હતો. જો કે આ અંગે ટ્યુટર મેનેજર દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી.

હુથિઓ ગયા વર્ષે નવેમ્બરથી લાલ સમુદ્રમાંથી પસાર થતા વેપારી જહાજોને નિશાન બનાવી રહ્યા છે. તેમણે આ હુમલાઓને ગાઝા પરના હુમલાના વિરોધમાં ઈઝરાયેલ દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી તરીકે વર્ણવે છે. દરમિયાન, હુથિઓએ બુધવારે કહ્યું કે યુએસની આગેવાની હેઠળના હવાઈ હુમલાઓએ યમનના રેમાને નિશાન બનાવ્યું છે.

જેમ જેમ લાલ સમુદ્રમાં હુથી આતંકવાદીઓ દ્વારા હુમલાઓ વધી રહ્યા છે, ક્રૂ સભ્યોમાં ભય વધી રહ્યો છે. ૧૫ થી વધુ ક્રૂ સભ્યો અને શિપિંગ ઉદ્યોગના અધિકારીઓ સાથેના ઈન્ટરવ્યુમાં જાણવા મળ્યું છે કે ખલાસીઓ લાલ સમુદ્રમાંથી જહાજોને બહાર કાઢવાનો ઈનકાર કરી રહ્યા છે કારણ કે હુથિઓ વેપારી જહાજો પર હુમલો કરવાનું ચાલુ રાખે છે. આ ઉદ્યોગ માટે આ એક મોટો માથાનો દુખાવો બની રહ્યો છે જે પહેલાથી જ વિશ્વભરમાં નાવિકોની અછતનો સામનો કરી રહ્યો છે. ચાર્લ્સ વોટકિન્સ, મેન્ટલ હેલ્થ સપોર્ટ સોલ્યુશન્સના સીઈઓ અને ક્લિનિકલ સાયકોલોજિસ્ટ, લાલ સમુદ્રમાંથી પસાર થતા બે જહાજોના ૪૦ ખલાસીઓ સાથે મળ્યા. ઘણા લોકો તેને છોડવાનું વિચારી રહ્યા છે.

## બોગસ માર્કશીટ કૌભાંડનો પર્દાફાશ, દેશની જુદી-જુદી યુનિવર્સિટીની નકલી માર્કશીટ ઝડપાઈ

આણંદ

એક તરફ સમગ્ર દેશમાં નીટના પરિણામને લઈને આખા દેશમાં મુદ્દો ઉછળી રહ્યો છે. બીજી તરફ ગુજરાતના આણંદમાં બોગસ માર્કશીટ કૌભાંડનો પર્દાફાશ થયો છે. માત્ર ગુજરાત નહીં, આરોપી પાસેથી દેશના અનેક રાજ્યની નકલી માર્કશીટ મળી આવી છે.

દેશની જુદી-જુદી યુનિવર્સિટીની બનાવટી માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. વિદ્યાનગર રોડ પર આવેલા ક્રિષ્ના સફર કોમ્પલેક્ષના ચોથા માળે વિઝા કન્સલ્ટન્સી ઓફિસમાં પોલીસે દરોડા પાડ્યા છે.જેમાં આરોપીની ઓફિસમાંથી જુદી-જુદી યુનિવર્સિટીના નકલી પ્રમાણપત્રો મળી આવ્યા છે.

જેમાં ન્યુ દિલ્હી સ્કુલ બોર્ડના-૧૦,એસપીયુના- ૩૪, મહારાષ્ટ્ર બોર્ડના- ૦૬, એમ.પી.સી. કોલેજ અમરાવતી, મહારાષ્ટ્રના- ૦૨, બાબા સાહેબ આંબેડકર યુનીવર્સીટી, લોનેર, મહારાષ્ટ્રના- ૦૯,એમએસયુ, વડોદરાના- ૧૩, પંજાબ બોર્ડના- ૦૩, હરિયાણા બોર્ડના- ૦૫, કુરૂક્ષેત્ર યુનીવર્સીટી હરિયાણા- ૬, હરિયાણા સ્ટેટ બોર્ડના-૦૧, સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કુલ, યમુનાનગર, દિલ્હીના-૧ માર્કશીટ મળી છે. માર્કશીટ કૌભાંડમાં કુલ ૯૦ સર્ટિફિકેટ મળી આવ્યા. આ ઉપરાંત વિદેશ જવા ઈચ્છતા લોકો કે જેમની પાસે અભ્યાસનું સર્ટિ ન હોય તેની પાસેથી ૨-૨ લાખ રૂપિયા લઈને આરોપી નકલી સર્ટિફિકેટ આપતો હતો.પોલીસે આરોપીની ઓફિસમાંથી એક લેપટોપ બે મોબાઈલ મળી કુલ ૯૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અલગ અલગ રાજયની સરકારી શૈક્ષણિક સંસ્થાના બનાવટી માર્કશીટો તથા સર્ટીઓ બનાવી વિદેશ મોકલવાના કૌભાંડ આચરતા એક આરોપીને આણંદ પોલીસે પકડ્યો છે. વિદ્યાનગર રોડ ઉપર આવેલા ક્રિષ્ના સફર કોમ્પલેક્ષના ચોથા માળે ૪૦૨મા એસ.પી.સ્ટડી પ્લાનર એલએલપી નામની ઓવરસીઝમા અમદાવાદના સિધ્ધીક શાહ નામનો શખ્સ વિદેશ જવા ઈચ્છતા ગ્રાહકોને બનાવટી માર્કશીટ તથા દસ્તાવેજો બનાવી વિદેશના વિઝા મેળવી વિદેશ મોકલી આપતો હતો.

## મહુવામાં સરકારી અનાજના ગોડાઉનમાં થઈ લાખો રૂપિયાની ચોરી

ભાવનગર,

મહુવામાં સરકારી અનાજના ગોડાઉનમાં ચોરી થતાં ખળભળાટ મચી ગયો છે. રૂપિયા ૩.૨૦ લાખના અનાજની ગોડાઉનના ઝઝ્રÌ કેમેરા બંધ કરી ગુનો આચરવામાં આવ્યો હતો. આ મામલે ગોડાઉન મેનેજરે પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર જીલ્લામાં મહુવા શહેરમાં સરકારી અનાજના ગોડાઉનમાંથી ઘઉં, ચોખાના ૩૪૫૦ કિલો ગ્રામના ૬૯ કટા હતા, જેની કિંમત ૧,૩૫,૨૪૦ રૂપિયા છે. ઘઉં ૬૨૫૦ કિલો ગ્રામ ૧૨૦ કટા હતા. જેની કિંમત ૧,૭૧,૨૫૦ રૂપિયા છે. ખાલી બારદાન નંગ ૧૯૪ કિંમત ૧૩,૬૬૮ રૂપિયા છે. કુલ કિંમત રૂપિયા ૩ લાખ ૨૦ હજાર રૂપિયા છે. ચોરી તા ૮/૬/૨૦૪ રાત્રે ૮ કલાક થી તા ૯/૬/૨૦૨૪ બપોરના ૨ કલાક દરમિયાન થવા પામેલ છે.

## વલસાડમાં ભારે વરસાદ બાદ પાણી પાણી થયું, એક કલાકમા ૧.૩૮ વરસાદથી ચારેતરફ પાણી ભરાયા

વલસાડ,

વલસાડ શહેરમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ ખાબકતાં ઠેર ઠેર પાણી ભરાયા. વલસાડમાં એક જ કલાકમાં ૧.૩૮ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે શહેરના એમ.જી. રોડ, ખત્રીવાડ, છીપવાડ, દાણી બજાર સહિતના વિસ્તારોમાં પાણી ભરાયાં. નગરપાલિકા દ્વારા પ્રિમોનસૂન કામગીરી ન કરવાના કારણે થોડા જ વરસાદમાં શહેરમાં પાણી ભરાવાની સમસ્યા ઉત્પન્ન થઈ હતી.



વલસાડના ગોરવાળા ગામે ભારે પવન સાથે વરસાદ આવતા વીજ પોલ ધરાશાયી થયો છે. વીજ પોલ ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં વીજ પ્રવાહ બંધ થયો છે. વીજ પોલના વીજ વાયરો રસ્તા ઉપર પડતા ગામમાં જવાનો માર્ગ અવરજવર માટે બંધ કરાયો છે. વલસાડમાં મોડી રાત્રે પડેલા ધોધમાર વરસાદના કારણે આ ઘટના બની હતી.

વલસાડ શહેરમાં રાત્રિ દરમિયાન ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં એક કલાક માં ૧.૩૮ ઈંચ વરસાદ વરસતા શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વલસાડ શહેરના એમ.જી.રોડ,ખત્રીવાડ,છીપવાડ, દાણાબજાર ,છીપવાડ અંદર પાસ સહિતના વિસ્તારોમાં પાણી ભરાય જતા વાહન ચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. રાત્રિ દરમિયાન એમ.જી.રોડ તથા ખત્રીવાડ જ્યાં આગળ મોટા પ્રમાણમાં કાપડની દુકાન આવેલી છે. ત્યાં આગળ પાણી ભરાતા વેપારીઓ દુકાનમાં મુકેલો સામાન બચાવવા પહોંચ્યા હતા. જો ચોમાસાની શરૂઆતમાં જ આ હાલત છે, તો બાકીની સીઝનમાં શુ થશે તેવો લોકોમાં ડર ભરાયો છે.

શહેરમાં મુખ્ય પાણી ભરાવવાનું કારણ નગર પાલિકા દ્વારા વરસાદી પાણીની નિકાલની ગટરો સાફ ન કરવામાં આવતા પાણી ભરાયું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. તો સાથે કેટલી જગ્યાઓ પર ગટરો ઉપર બાંધકામ કર્યું હોવાના કારણે પાણી નિકાલ ન થવાના કારણે પાણી ભરાયાની સ્થિતિ બની છે. નગર પાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી પાછળ લાખોનો ખર્ચ માત્ર કાગળ ઉપર જ કરવામાં આવતો હોવાના કારણે શહેરમાં પાણી ભરવાની સમયનો ભોગ જનતા બની રહી છે.

ગોરવાળા ગામ ખાતે ભારે પવન સાથે વરસાદ આવતા વીજ પોલ ધરાશાઈ થયો હતો. વીજ પોલ ધરાશાઈ થતા સમગ્ર વિસ્તારમાં વીજ પ્રવાહ ખોરવાયો હતો. વીજ પોલના વીજ વાયરો રસ્તા ઉપર પડતા ગામમાં જવાનો માર્ગ પણ બંધ થયો હતો.

વલસાડ જિલ્લાના કપરાડામાં વહેલી સવારથી વરસાદી માહોલ છે. કપરાડામાં એક ઈંચ વરસાદ ખાબખ્યો હતો. ડુંગરાળ વિસ્તારમાં ઉકળાટ બાદ સારો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પસરી છે.

## દિલ્હીમાં ફૂટપાથ પર જીવતાં લોકો માટે ગરમી આફત બની, ૧૯ દિવસમાં ૧૯૨ લોકોનાં મોત

નવીદિલ્હી,

દેશભરમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રસ્ત છે. દિલ્હીની હાલત પણ ખરાબ છે. અહીં તાપમાન ૪૭ ડિગ્રીએ પહોંચી ગયું છે. હીટ સ્ટ્રોકના કારણે લોકો બીમાર અને મૃત્યુ પામ્યા હોવાના સતત અહેવાલો મળી રહ્યા છે. જે લોકો બેઘર છે અથવા ફૂટપાથ પર રાત વિતાવે છે તેમના માટે તો સ્થિતિ વધુ મુશ્કેલ છે. એક અહેવાલ અનુસાર, ૧૧ થી ૧૯ જૂન ૨૦૨૪ વચ્ચે દિલ્હીમાં ભીષણ લૂને કારણે ૧૯૨ બેઘર લોકોના મોત થયા છે.

લૂને કારણે ઘરવિહોણા લોકોની સમસ્યાઓમાં ધરખમ વધારો થાય છે. તેમને પ્રાથમિક સુવિધાઓનો લાભ મળતો નથી. જેમ કે, ગરમીથી બચવા માટે આરોગ્ય સુવિધા, કુલર, એસી, પંખા. આ કારણે ઘરવિહોણા લોકોને ગરમીથી સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે થાક, હીટસ્ટ્રોક અને ડિહાઈડ્રેશનનો સામનો કરવો પડે છે. તેમને આશ્રય આપવા માટે બનાવવામાં આવેલા આશ્રયસ્થાનો ઘણીવાર ક્ષમતા અને સુવિધાઓની દ્રષ્ટિએ ઓછા પડે છે. જેના કારણે હવામાનમાં થતા ફેરફારો તેમને સૌથી વધુ અસર કરે છે. ભારે ગરમી અને ઠંડીમાં સ્થિતિ વધુ ખરાબ થઈ જાય છે.

સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ નામના એનજીઓના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુનિલ કુમાર અલેડિયાએ જણાવ્યું હતું કે, '૧૧ થી ૧૯ જૂન ૨૦૨૪ વચ્ચે દિલ્હીમાં તીવ્ર લૂના કારણે ૧૯૨ બેઘર લોકોના મોત થયા છે.' ૨૦૨૪માં મૃત્યુઆંક ગયા વર્ષની ૧૧મી જૂનથી ૧૯મી જૂન વચ્ચેના મૃત્યુની સરખામણીએ ઘણો વધારે છે. ૮૦ ટકા અજાણ્યા મૃતદેહો બેઘર લોકોના છે.

## ઈક્વાડોર સતત ત્રીજા મહિને અંધકારમાં ડૂબી ગયું, ટ્રાન્સમિશન લાઈનની નિષ્ફળતાને કારણે દેશમાં વીજળી ડુલ થઈ ગઈ

ક્વિટો,

બદલાતા વાતાવરણને કારણે સમગ્ર વિશ્વ વિચિત્ર હવામાનનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં કેટલીક જગ્યાએ આકરી ગરમી અને અન્ય સ્થળોએ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગરમીના કારણે ઘણા દેશોમાં વીજળીની માંગ વધી છે. આ બધાની વચ્ચે બુધવારે ઈક્વાડોરમાં હોબાળો થયો હતો. હકીકતમાં, બુધવારે બપોરે આખા દેશમાં અચાનક જ વીજળી ડૂલ થઈ ગઈ હતી. આ જોઈને બધા પરેશાન થઈ ગયા. દરમિયાન, પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રધાન રોબર્ટો લુકે જણાવ્યું હતું કે પાવર આઉટેજ પાછળનું કારણ ટ્રાન્સમિશન લાઈનમાં ખામી હતી.



રોબર્ટો લુકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું વાસ્તવમાં, ટ્રાન્સમિશન લાઈનમાં ખામીને કારણે કાસ્કેડ ડિસ્કનેક્શન થયું હતું. તેથી જ સમગ્ર દેશમાં ક્યાંય પણ વીજળી નહોતી.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે અધિકારીઓ પાવર પુનઃસ્થાપિત કરવા માટે સતત કામ કરી રહ્યા છે. કલાકોમાં, ઈક્વાડોરની રાજધાની ક્વિટોના ભાગોમાં વીજળી પાછી આવવા લાગી.

એક રિપોર્ટ અનુસાર, ૧૮ મિલિયનની વસ્તી ધરાવતું ઈક્વાડોર ઘણા વર્ષોથી ઊર્જા સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિષ્ફળતા, જાળવણીનો અભાવ અને આયાતી ઉર્જા પર નિર્ભરતાએ સમગ્ર દેશમાં બ્લેકઆઉટમાં ફાળો આપ્યો છે. તે જ સમયે, ૨.૨૫ બિલિયન ડોલરનો કોકા કોડો સિંકલેર ડેમ, ચીન દ્વારા બનાવવામાં આવેલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ, ઈક્વાડોરની સમસ્યાને ઉકેલવામાં મદદ કરશે. જોકે, આ પ્રોજેક્ટ ઈક્વાડોરના અધિકારીઓ માટે માથાનો દુખાવો બની ગયો છે. બાંધકામમાં ઘણી ભૂલો કરવામાં આવી હતી, જેના પરિણામે ઈક્વાડોરિયન સત્તાવાળાઓ અને ચીની કંપની વચ્ચે કાનૂની વિવાદ થયો હતો.

બપોરે લગભગ ૩:૧૫ વાગ્યે (સ્થાનિક સમય મુજબ), ઈક્વાડોરનો મોટાભાગનો ભાગ વીજળી વિનાનો હતો. સાંજે ક્વિટો અને ગ્વાયાક્વિલની શેરીઓ કારના હોર્ન અને ડ્રાઈવરોના બૂમોના અવાજથી ગુંજવા લાગી. તેનું કારણ એ હતું કે પાવર ફેલ થતાં ટ્રાફિક લાઈટોએ કામ કરવાનું બંધ કરી દીધું હતું. અહેવાલો અનુસાર, જાહેર પરિવહન પ્રણાલી અને કેટલીક પાણી પુરવઠા કંપનીઓએ બંને મોટા શહેરોમાં તેમની સેવાઓ સ્થગિત કરી દીધી છે.

અહેવાલ મુજબ, એક્વાડોરમાં એપ્રિલની શરૂઆતમાં અંધારપટ સર્જાયો હતો, જે ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે લાંબા સમય સુધી દુષ્કાળ, વધતા તાપમાન અને દેશની પાવર સિસ્ટમની જાળવણીના અભાવ પછી ઐતિહાસિક રીતે નીચા પાણીના પ્રવાહને કારણે થયું હતું. મેની શરૂઆતમાં અંધારપટ પણ હતો, જેને પાછળથી સુધારી દેવામાં આવ્યો હતો. લુકે, જેઓ કાર્યકારી ઉર્જા મંત્રી પણ છે, ૭ જૂને જણાવ્યું હતું કે પાવર આઉટેજનું જોખમ ઘટ્યું છે. જો કે, ૧૬ જૂને, ક્વિટોના ભાગોમાં ફરીથી પાવર આઉટ થયો હતો. ત્રણ દિવસ બાદ દેશભરમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી.

પંચમહાલ સમાચાર
મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

# બિનઉપયોગી ખુલ્લા બોરવેલ બંધ કરવા બદલ ખેડા જીલ્લાના શિક્ષકને સન્માનિત કરતા રાજ્ય શિક્ષણ મંત્રી



નડિયાદ,
શિક્ષક કભી સાધારણ નહિ હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસકી ગૌદ મે પલતે હૈ આ સુત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી આપ્યું છે મહેમદાવાદના શિક્ષક દિપક સુથાર, જેઓએ ફકત ભણાવવા પૂરતું સિમિત ન રહેતા જનભાગીદારી દ્વારા તાલુકાનાં કુલ ૧૨ ખુલ્લા બોરને બંધ કરવાની લોકસેવાની કામગીરી કરી છે. બિનઉપયોગી ખુલ્લા બોરવેલ બંધ કરવાની આ નોંધનીય કામગીરી બદલ રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના સીઆરસી કોઓરડીનેટર દીપક સુથારને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મંત્રી પાનસેરિયા દ્વારા જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સમગ્ર ગુજરાતના શિક્ષકોને સેવાકીય કામગીરી કરવા માટે અપીલ કરવામાં આવી હતી. જે અંતર્ગત શિક્ષકોને પોતાની ફરજના સ્થળે કે આજુબાજુના વિસ્તારોમાં બિનઉપયોગી ખુલ્લા બોરવેલ બંધ કરવાનું તેમજ આ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરવા જણાવવામાં આવ્યું હતું. ભૂતકાળમાં ખુલ્લા બોરવેલમાં નાના બાળકો પડી જવાની ઘટનાઓ ધ્યાને આવી હતી. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે મંત્રી દ્વારા આ સેવાકીય ઝુંબેશ ઉપાડવામાં આવી હતી.

જે અંતર્ગત ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના જરાવત કલસ્ટરના શિક્ષક દીપક સુથારે ૧૩ શાળાઓના ૨૧૨૯ વિદ્યાર્થીઓ, ૭૫ શિક્ષકો તેમજ વાલીઓને આ અભિયાનમાં જોડી જુદા જુદા ગામમાં રૂબરૂ જઈને કુલ ૧૨ બોરને કોથળી કે લોખંડના ઢાકણાંથી બંધ કર્યા હતા. જેમા, જરાવત, પથાવત, વાઘાવત, કલેસર, ઉમાજીની મુવાડી, સમડાવાળી મુવાડી, આંબડીયાની મુવાડી, ગોકળપુરા, ગોકળપુરા સીમ વિસ્તાર, ઉમેદપુરા અને રણછોડપુરાના વિસ્તારોમાં ખુલ્લા બોરવેલને બંધ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં રોડ સેફટીની મિટિંગ યોજાઈ



નડિયાદ,
જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અદયક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે રોડ સેફટીની મિટિંગ યોજાઈ. જેમાં જીલ્લા કલેકટરએ જીલ્લામાં થતાં રોડ અકસ્માતના સ્થળો પર સંબંધિત વિભાગના અધિકારીઓને સંયુક્ત મુલાકાત દ્વારા અકસ્માત બાબતે જરૂરી રિપોર્ટીંગ કરી અકસ્માત નિવારક ઉપાયો લાવવા સૂચના આપી હતી. આ બેઠકમાં કલેકટરએ રોડ સુધારણા કામગીરી, લાઈટિંગ, એકસીડન્ટ સંભવિત સ્થળો, બ્લેક સ્પોટ પર અકસ્માત સર્જાવાના કારણો, ઓવર સ્પીડ નિવારણ સહિતના મુદ્દાઓ પર સમીક્ષા કરી આગામી સમયમાં આ અંગે કરવાની કામગીરી વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી. વસાવા, અધિક નિવાસી કલેકટર ભરત જોશી, નાયબ પોલીસ અધિક્ષક વી.ર.બાજપઈ, આરટીઓ અધિકારી ગૌરવ સોલંકી, માર્ગ અને મકાન સ્ટેટ તથા પંચાયતના કાર્યપાલક ઈજનેર, નેશનલ હાઈવેના પ્રતિનિધિઓ, પોલીસ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ચોમાસાની સિઝન પહેલા જ પ્રાકૃતિક કૃષિનું વાવેતર શરૂ



**- પીપળાતાના પ્રાકૃતિક ખેડૂતે દેશી ગાય આધારિત ખેતીથી કર્યું ત્રણ પ્રકારની ડાંગરનુ વાવેતર.**
**- બુદ્ધા રાઈસ, જીઆર - ૨૧ અને જીઆર - ૧૩ જાતની ડાંગરનું પ્રાકૃતિક ખેતીથી વાવેતર.**
**- ૩૦૦૦થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી ચૂક્યા છે પ્રાકૃતિક ખેડૂત.**

નડિયાદ,
ખેડા જીલ્લામાં આજે પ્રાકૃતિક કૃષિથી તમામ પ્રકારના ધાન્યો, ફળ-ફળાદી અને શાખભાજીનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. રાસાયણિક ખેતીની મર્યાદાઓને જાણી આજે ખેડૂતો સામેથી જ મક્કમતાથી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ત્યારે ૭૧ વર્ષીય પ્રાકૃતિક ખેડૂત અરૂણકુમાર શાહે ઉમરને અવરોધ ન ગણતા છેલ્લા ૫ વર્ષોથી પ્રાકૃતિક ખેતી કરીને જીલ્લાનાં યુવા ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. આ વર્ષે અરૂણકુમારે તેમના પીપળાતા ખાતે આવેલ ૨૦ વિઘાના ખેતરમાં ડાંગરનું ધરૂવાડિયુ તૈયાર કર્યુ છે. જેમાં, તેમણે બુદ્ધા રાઈસ (કાલા નમક), જીઆર-૨૧ અને જીઆર-૧૩ જાતની ડાંગરનું પ્રાકૃતિક ખેતીથી વાવેતર કર્યુ છે. આ ધરૂવાડિયામાં ફક્ત દેશી ગાય આધારિત જીવામૃત અને ઘનામૃતના ઉપયોગ કરવામાં આવ્યો છે. વધુમાં, બુદ્ધા રાઈસની ખાસિયત છે કે તેમાં પોષક તત્વો વધુ હોય છે. નોંધનીય છે કે, અરૂણભાઈ શાહ ખેતીમાં ઘઉં, વિવિધ પ્રકારની ડાંગર (ચોખા), રાઈ, રાજગરો, બાજરી, ચણા જેવી ખેત પેદાશોનું વાવેતર કરે છે. જેનું મૂલ્યવર્ધન કરીને ડાઈરિક્ટ વેચાણ કરે છે, તથા વિવિધ ફળો તથા બાયો-ડાયવર્સિટી માટે ફૂડ ફોરેસ્ટ્રી જંગલ મોડેલ વિકસાવી રહ્યા છે. આ સાથે જ અરૂણભાઈ એક ફાર્મરફ્રેન્ડ તરીકે અન્ય ખેડુતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા માર્ગદર્શન આપે છે. તેઓએ અત્યાર સુધીમાં કુલ ૩૦૦૦થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી છે.

# લુણાવાડા ગાંધી કુટીર ખાતે પેન્શનર્સ સિનિયર સીટીઝન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ શિબિર યોજાઈ

મહીસાગર,
૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. ત્યારે મહીસાગર જીલ્લામાં લોકો વધુમાં વધુ યોગ સાથે જોડાય તે માટે જીલ્લા કલેકટર નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને યોગ બોર્ડ દ્વારા શાળાઓ કોલેજો, સંસ્થાઓમાં યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ શિબિરો યોજાઈ રહી છે. જેના ભાગરૂપે લુણાવાડા ગાંધી કુટીર ખાતે પેન્શનર્સ સિનિયર સીટીઝન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોગ શિબિર યોજાઈ હતી. જેમાં સિનિયર સીટીઝનના પ્રમુખ જયંતિલાલ પટેલ, યોગ ટ્રેનર વિનોદભાઈ ચાવડા, યોગ જીલ્લા કો ઓર્ડિનેટર સુનિલ જોશી સહિત સિનિયર સિટીજન મંડળના સભ્યો જોડાયા હતા.

શિબિરમાં પંતજલીના યોગા પીઠાચાર્ય વાડીલાલ. એસ. પટેલે આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી ૮૨ વર્ષની ઉંમરે પણ વિવિધ આસનો અને બાહય પ્રાણાયામ જેવી યોગિક ક્રિયા બતાવી હતી. આ યોગ શિબિરમાં ૨૧ જૂન કોમન યોગા પ્રોટોકોલ પ્રમાણે બધાને ઉપયોગી એવા વિવિધ યોગાસનો સુક્ષ્મ વ્યાયામ અને પ્રાણાયામ લાફિંગ થેરાપી કરવામાં આવ્યા હતા. વધુમાં જીવન તનાવમુકત બને તેવું જ્ઞાન અને તે સમાજને ઉપયોગી પ્રેરણાદાયી બને તેવી સમજ આપવામાં આવી હતી.તેમજ સીનીયર સિટીજન્સને જોઈ યુવા વર્ગ યોગ કરવા પ્રેરાય તે માટે પ્રેરક બનવા સંદેશ પાઠવ્યો હતો.

# દાહોદ તાલુકાના ગમલા ગામે આત્મા પ્રોજેક્ટ, દાહોદ દ્વારા કિસાન ગોષ્ઠી યોજાઈ



દાહોદ,
દાહોદ તાલુકાના ગમલા ગામે આત્મા પ્રોજેકટ દાહોદ દ્વારા કિસાન ગોષ્ઠી યોજવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિની પહેલએ ખેતીની દિશામાં કરવામાં આવેલ એક એવો સામુહિક પ્રયાસ છે, જેના થકી આપણા તેમજ જમીનની સાથોસાથ વાતાવરણની જાળવણી થતી હોય છે. જેમાં છોડના આરોગ્ય પર નહીં પરંતું જમીનના આરોગ્ય પર દયાન કેન્દ્રિત કરવામાં આવે છે. જયારે ખેડૂતોની વાત આવે ત્યારે એમાં ખેડૂતો એ અન્નદાતા છે. એ જ અન્નદાતા જયારે રાસાયણિક અન્ન પકવે તો એ એક પ્રકારનું ધીમું ઝેર જ ગણી શકાય કારણ કે, લાંબા ગાળે જમીનની જો એ ફળદ્રુપતા અને ગુણવત્તા છીનવી શકે તો પછી માણસની તો શી વિસાત..!

કિસાન ગોષ્ઠીમાં પ્રગતિશીલ ખેડૂતો દ્વારા તેમની ખેતી પદ્ધતિ, એમને થયેલા પ્રાકૃતિક ખેતી અંગેના અનુભવો વગેરેની જાણકારી આપવામાં આવી હતી. તો ઉપસ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલિયા ફાર્મના વૈજ્ઞાનિક ડો. એચ.એલ. કાચા, જમીન ચકાસણી પ્રયોગશાળાના પી.એચ.પટેલ, દાહોદ તાલુકાના વિસ્તરણ અધિકારી એસપી મકવાણા આત્મા પ્રોજેકટના બી.ટી.એમ. મયંક એમ સુથાર દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તાર પૂર્વક સમજ આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત માનસિંહ ભાઈ ડામોર એ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન અને લાઈવ ડેમો જીવામૃત બનાવવાની પદધતિ શીખવવામાં આવી હતી.

# પ્રાકૃતિક ખેતી આપણી અને આપણાં પરિવાર માટે ફાયદાકારક ખેતી છે - પરમાભાઈ



મહીસાગર,
સમગ્ર રાજયમાં ધીમે ધીમે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. ત્યારે મહીસાગર જીલ્લાના ઘણા બધા ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા લાગ્યા છે. જીલ્લાના ખાનપુર તાલુકાના બાબલિયા ગામના ખેડૂત પરમાભાઈ વણકર પણ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી દર વર્ષે ઉત્પાદન અને આવક બમણું મેળવતા થયા છે.દિન-પ્રતિદિન વધી રહેલી આરોગ્યની સમસ્યાઓ અને રસાયણયુકત ખેતીથી થતાં નુકસાન અંગેનો ખ્યાલ આવતા ખેડૂત પરમાભાઈએ છેલ્લા ૪ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરવાનું ચાલુ કર્યું હતું. ગયા વર્ષે તેમણે પોતાના ખેતરમાં મકાઈ, તુવેર, મરચી અને રીંગણનું વાવેતર કર્યું હતું. આ વાવેતર થકી તેમણે દર વર્ષ કરતાં ૩૦ હજારથી વધુનો ફાયદો થયો હતો. વધુમાં પરમાભાઈ જણાવે છે કે સરકાર તરફથી મને મોર્ડન ફાર્મ બનાવવામાં માટે ૧૩,૫૦૦ ની સહાય મળી છે. સાથે છેલ્લા બે વર્ષથી હું મારા ખેતરમાં ગાય આધારિત ખેતીમાં જીવામૃત, ઘનજીવામૃત પદ્ધતિ દ્વારા પ્રાકૃતિક ખેતી થકી દરેક આયામોનો ઉપયોગ કરી ઉત્પાદન અને આવકમાં વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, દરેક ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ. આ ખેતી થકી આપણે અને આપણાં પરિવારનો ફાયદો છે. પ્રાકૃતિક ખેતી ઝેરમુક્ત ખેતી છે અને આના ઉપયોગ થકી આપણે નીરોગી જીવન પસાર કરી શકીએ છીએ.

# રાજકોટમાં સળગાવેલી હાલતમાં લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ

રાજકોટ,
રાજકોટમાં સ્વાતિ સોસાયટી પાસે સળગાવેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. સ્થાનિકોએ પોલીસને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં સ્વાતિ સોસાટી પાસે અજાણ્યા યુવાનની સળગાવેલી હાલતમાં લાશ મળી આવતાં રહીશો ભયભીત થયા હતા. ડરના માહોલમાં પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. પોલીસે યુવાનની હત્યા કઈ રીતે અને શા કારણે થઈ છે તેવા વિવિધ સવાલોને લઈ તપાસ હાથ ધરી છે. હાલમાં લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી છે. તેમજ પોલીસે સ્થાનિકોની પૂછપરછ પણ શરૂ કરી છે.

# ગેલ ઈન્ડિયા લી. ઝાબુઆની ટીમ દ્વારા ઓફસાઈટ મોકડ્રિલ કરવા અંગે જીલ્લા કલેકટરની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજાઈ

દાહોદ,
દાહોદ જીલ્લામાં ગેસ પાઈપ લાઈનને લઈને આકસ્મિક ઘટના બને ત્યારે કેવી રીતે કામગીરી બજાવવાની હોય તે અંગે મોકડ્રીલના ભાગરૂપે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. ગેલ ઈન્ડિયા લી. ઝાબુઆની ટીમ દ્વારા ઓફસાઈટ મોકડ્રિલ કરવા અંગે જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજવામાં આવી હતી.

ગેલ ટીમ દ્વારા પીપીટી રજૂ કરીને સમગ્ર પ્રક્રિયા દર્શાવવામાં આવી હતીમોકડ્રિલ ત્રણ લેવલની હોય છે. જેમાં ત્રીજા લેવલની મોકડ્રિલ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રેસ્ક્યુ ટીમની જરૂર રહેતી હોય છે. દાહોદ નગર પાલિકા, ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, જીલ્લાપોલીસ, આરોગ્ય ટીમ, ફાયર વિભાગ સહિતના અન્ય સંબંધિત અધિકારીઓના સંકલન વડે તેમજ આયોજન બદ્ધ ઓફ સાઈટ મોકડ્રિલ યોજવામાં આવશે. ગેલ ઈન્ડિયાની દાહોદથી પસાર થતી દૂધમલ થી બડબારાની ગેસ લાઈનને દ્યાને રાખી મોકડ્રિલ યોજાશે. આ મોકડ્રિલ બેઠક દરમ્યાન નિવાસી અધિક કલેકટર જે. એમ. રાવલ, સંબંધિત અધિકારીઓ તેમજ ઝાબુઆથી આવેલ ગેલની ટીમ ઉપસ્થિત રહી હતી.

# દે.બારીઆના રામા ગામે કાચા રોડ ઉપર ટ્રેકટર માંથી ૧૯ વર્ષીય યુવાન પડી જતાં અને વ્હીલ ચડી જતાં મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના રામા ગામે બારીયા ફળિયા, નદી માંથી આવતા કાચા રોડ પર દોડી આવતું ટ્રેકટર રોડની સાઈડમાં ઉતરી જતા ટ્રેકટર પર બાજુમાં બેઠેલ ૧૯ વર્ષીય આશાસ્પદ યુવક ટ્રેકટર પરથી પડી જતા ટ્રેકટર નું તોતિંગ પૈડું તેની છાતી પર ફરી વળતા તેનું સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજયાનું પોલીસ વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે.એક ટ્રેકટર ચાલક તેના કબજાનું ટ્રોલી વગરનું જી જે ૨૦ સીએ ૦૮૬૯ નંબરનું ટ્રેકટર ગઈકાલે બપોરે બાર વાગ્યાના સુમારે પુરઝડપે અને ગફલત ભરી રીતે રામા ગામે બારીયા ફળિયાના નદી માંથી આવતા કાચા રોડ પર હંકારી લઈ આવતા ટ્રેકટરની વધુ પડતી ઝડપને કારણે ટ્રેકટરના ચાલકે ટ્રેકટરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેકટર રોડની સાઈડમાં ઉતરી જતા ટ્રેકટરના ચાલકની બાજુમાં બેઠેલ બિહારના આમોવા ગામના ૧૯ વર્ષીય ગુડ્ડુ કુમાર લાલજીભાઈ માજી ટ્રેકટર પરથી ફંગોળાઈને નીચે પટકાતા તેની છાતીના ભાગે ટ્રેકટરનું તોતિંગ પૈડું ફરી વળતા ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજયું હતું. જયારે ટ્રેકટર ચાલક તેના કબજાનુ ટ્રેકટર લઈને નાસી ગયો હતો.આ સંબંધે રામા ગામના બારીયા ફળિયામાં રહેતા પાંચ મિનિટ ઈસ્માઈલભાઈ રસુલભાઈ ઘાંચી (રામાવાળા)એ નોંધાવેલી ફરિયાદને આધારે પીપલોદ પોલીસે ટ્રોલી વગરના ટ્રેકટરના ચાલક વિરૂદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ તાલુકાના વિવિધ ગામોમાં ૫ ગ્રામ પંચાયત કલસ્ટર દીઠ પ્રાકૃતિક ખેતીની તાલીમ અને ફાર્મ સ્કૂલ યોજાઈ

દાહોદ,
પ્રાકૃતિક કૃષિ એટલે મુખ્ય પાક માટે થતો ખર્ચ સહપાકોમાંથી લેવો અને મુખ્ય પાક બોનસના રૂપમાં મેળવવો તે. પ્રાકૃતિક કૃષિના અન્ય સિદ્ધાંતો અને પિયત પદ્ધતિ શીખવવા માટે દાહોદ તાલુકાના જાલત અને બોરખેડા ગામમાં ફાર્મ સ્કૂલ સહિત તાલીમ યોજવામાં આવી હતી.

પ્રાકૃતિક કૃષિમાં પિયત છોડથી થોડે દૂર આપવામાં આવે છે. આમાં માત્ર ૧૦ ટકા પાણીનો ઉપયોગ થાય છે.અને ૯૦ ટકા પાણીની બચત થાય છે. છોડને થોડે દૂર પાણી આપવાથી છોડના મૂળની લંબાઈ વધી જાય છે. મૂળની લંબાઈ વધવાથી છોડના થડની જાડાઈ વધે છે. આ ક્રિયાના કારણે છોડની લંબાઈ પણ વધી જાય છે. આના પરિણામ રૂપે ઉત્પાદન પણ વધી જાય છે.પ્રાકૃતિક કૃષિમાં છોડની દિશા ઉત્તર-દક્ષિણની હોય છે. જેમાં છોડને સૂર્યપ્રકાશ વધુ સમય મળે છે. બે છોડ વચ્ચેનાં વધારે અંતરના કારણે છોડ વધારે પ્રમાણમાં સૂર્યપ્રકાશ પ્રાપ્ત કરે છે. આથી છોડ પર કોઈપણ પ્રકારના કીટકો લાગવાની સંભવાના પણ ઓછી થઈ જાય છે અને છોડમાં પોષક તત્વો પણ સંતુલિત પ્રમાણમાં મળે છે. છોડની દિશા ઉત્તર-દક્ષિણ હોવાથી ઉત્પાદન ૨૦ ટકા વધી જાય છે.આમ, તાલીમમાં આવેલ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વડે ઓછા ખર્ચે પાક ઉત્પાદન વધુ કંઈ રીતે મેળવવું એની સમજ પ્રેક્ટિકલ સહિત વિસ્તારપૂર્વક સમજાવવામાં આવી હતી.

# ઝાલોદના ધાવડીયા ગામે યુવતિના મોબાઈલ માંથી કોલ રેકોર્ડીંગ જાહેર થતાં ઠપકો આપતાં ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામે એક ૧૮ વર્ષિય યુવતિના મોબાઈલ ફોનમાં કોઈકનું કોલ રેકોર્ડિંગ જાહેર થયેલ હોવાથી યુવતિના પિતાએ યુવતીને ઠપકો આપતાં યુવતિને મનમાં લાગી આવતાં યુવતિએ ઉંદર મારવાની દવા પી જતાં સારવાર દરમ્યાન યુવતિનું મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.ગત તા.૧૩મી જુનના રોજ ઝાલોદ તાલુકાના ભુરીઘાંટી ફળિયામાં રહેતાં ૧૮ વર્ષિય અમીતાબેન દિનેશભાઈ કલારાના મોબાઈલ ફોનમાં કોઈકનું કોલ રેકોર્ડિંગ જાહેર થયેલ હોવાને કારણે તેણીને તેના પિતા દિનેશભાઈ રમેશભાઈ કલારાએ ઠપકો આપ્યો હતો. ત્યારે પિતાના ઠપકાથી અમીતાબેનને મનમાં લાગી આવતાં તેણીએ પોતાના ઘરમાં મુકી રાખેલ ઉંદર મારવાની દવા પી ગયાં હતાં. આ અંગેની જાણ અમીતાબેનને પરિવારજનોને થતાં પરિવારજનો દ્વારા તાત્કાલિક અમીતાબેનને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં સારવાર દરમ્યાન ગતરોજ અમીતાબેનનું મોત નીપજતાં આ સંબંધે દિનેશભાઈ રમેશભાઈ કલારાએ ઝાલોદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેરના ભેદરવાજા પાસેના ડુંગર ઉપર ટાંકી હોવા છતાં તળેટીના વિસ્તારના ઘરોમાં પાણીનું પ્રેશર મળતું નથી

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકા હસ્તક પાણી પુરવઠાનું સંચાલન થાય છે. શહેરમાં પાણી પુરવઠો પુષ્કળ છે.તેમજ પાણીના સંગ્રહ કરવા માટે શહેરના ચાર દિશામાં ચાર ટાંકીઓ પણ કાર્યરત છે. જેમાં ભે દરવાજા પાસેના ડુંગર ઉપર પાણીનો સંગ્રહ વોટર્સવર્ક પરથી પાણીનો સંગ્રહ કરીને પછી પાસેના જુદા જુદા વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. પાણીની કમી કે અછત ૫ નથી તો પછી પ્રેશરથી કેમ પાણી ૩૫.૪૦ ઘરોમાં મળતું નથી તને પશ્ન છે.મળતી માહિતી અનુસાર જે ભે દરવાજા વિસ્તારમાં દરગાહ સામેના ૩૫ થી ૪૦ ઘરોમાં આંતરે દિવસે પાણી આપવામાં આવે છે. જે પાણીનું પ્રેશરથી મળતું નથી. જેનો મુખ્ય કારણ આ છે વાલ્વ મેન પાણીનો વાલ્વ બે વિસ્તારના ખોલતો હોવાના કારણે પુરા પ્રેશરથી પાણી પુરવઠો મળતો નથી. આ અંગે એક સપ્તાહ પહેલા રજુઆત કરાઈ હતી. તો ચાર-પાંચ દિવસ પુછતા પ્રેશર મળતો હતો. ફરી વાલ્વ મેનની આડોડાઈના કારણે આ દરગાહ સામેના ઘરોમાં ફરીવાર પુરતા પ્રેશરથી મળતું નથી. જેથી લાગતા વળગતા પુરવઠા વિભાગ પાણી શાખાના પદના અધિકારીઓ આ વાલ્વ મેનને કડકમાં કડક સુચના આપે અને સમયનો બચાવના કરે અને અલગ અલગ વિસ્તારમાં અલાયદો વાલ્વ ખોલવામાં આવે તેવા આદેશ આપશે ખરાં તે આવનારો સમય બતાવશે.

# આપની આજ.......

મેષ: કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

વૃષભ: ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો.

મિથુન: આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે, પરંતુ યાદ રાખજો કપરો સમય જતો રહે છે અને આ દરમિયાન ધીરજ રાખવી જરૂરી છે.

કર્ક: આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

સિંહ: છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

કન્યા: આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

તુલા: હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે.

વૃશ્ચિક: કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો. આ જ સમય તમારા માટે શ્રેષ્ઠ છે.

ધન: આજે સવારથી જ દિવસ તમારા માટે પ્રતિકુળ રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો.

મકર: આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.

કુંભ: આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે.

મીન: આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ.

પંચમહાલ સમાચાર




# સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ, દાહોદ ખાતે જીલ્લાકક્ષાનો ૧૦ મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસમંત્રી, પંચાયત અને કૃષિ વિભાગની ઉપસ્થિતિમાં યોજાશે

દાહોદ,

ગુજરાત સરકાર ૨૧, જૂન ૨૦૨૪ (આંતરરાષ્ટ્રીય યોગ દિવસ)ની ભવ્ય ઉજવણીના માદયમથી પ્રત્યેક વ્યકિતના માનસને જોડવા પ્રતિબદ્ધ છે.રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજીત૧૦ મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ૨૧ જૂન, ૨૦૨૪ નારોજ શુક્રવારે સવારે૦૬:૦૦ વાગ્યે સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ, દાહોદ રાજ્યકક્ષા મંત્રી, પંચાયત અને કૃષિ વિભાગ બચુભાઈ ખાબડ, દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર, કનૈયાલાલ કિશોરી, મહેશભાઈ ભૂરીયા, શૈલેષભાઈ ભાભોર, રમેશભાઈ કટારા, મહેન્દ્રભાઈ ભાભોર દાહોદ કરણસિંહ ડામોર તેમજપ્રમુખ, જીલ્લા પંચાયત, ઉપસ્થિતરહેશે.

## નિર્દેશક અથવા સ્વયંસેવકોનો સંપર્ક કરવો.

પાસ સ્પષ્ટ રીતે દેખાય એ રીતે વાહન ઉપર પાસ લગાડવા, તમારા વાહન સાથે VVIP ગેટથી પ્રવેશ કરવો, પાણીની બોટલ કે અન્ય કોઈ ખાણી–પીણીની ચીજ–વસ્તુઓ સાથે રાખવી નહીં, પ્રવેશ વખતે તેમજ બહાર નીકળતી વખતે આમંત્રણ પત્રિકા અને કાર પાસના કલર કોડને અનુસરવાતેમજઆમંત્રણ પત્રિકા સ્થળ ઉપર સાથે લાવવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

## યોગ શિબિરાર્થીઓ માટે સામાન્ય સૂચન.

નાગરિકોએ સવારે ખાલી પેટે આવવું, દરેક નાગરિકે ખુલ્લો, સારો પોશાક પહેરવો આવશ્યક છે,બરમુડા, ટૂંકી ચડ્ડી વગેરે વસ્ત્રો પસંદ ન કરાય, મહિલાઓએ સલવાર, કુર્તા, ડ્રેસ પહેરવો જેથી યોગ અભ્યાસ માટે સાનુકૂળતા રહે, શક્ય હોય તો સફેદ વસ્ત્રો પહેરવા, દરેક નાગરિકે પોતાના શરીરની મર્યાદા મુજબ જ યોગ અભ્યાસ કરવો, જરૂર જણાય તો

# દાહોદ જીલ્લાના ૩,૫૨,૨૦૧ બાળકોને ૨૩ જુન રવિવારના રોજ પોલિયો વિરોધી રસી અપાશે

દાહોદ

સામાન્ય રીતે બાળકના જન્મ સાથે જ અનેક રોગોથી બચાવવા માટે રસીકરણ દ્વારા તેને આપણે સુરક્ષિત કરીએ છીએ. ૦થી૦૫ વર્ષના બાળકોને પોલીયો ટીપા પીવડાવી સુરક્ષિત રાખવાનું ઉમદા કાર્ય ૨૩ જૂનના રોજ, પોલિયો દિવસ નિમિત્તે દાહોદ જીલ્લામાં રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે.

પોલિયોનો કોઈ ઈલાજ નથી. દાહોદ જીલ્લામાં બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત પોલિયો રવિવારના દિવસે ૩,૫૨,૨૦૧ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવશે. આ અંગે દાહોદ આરોગ્ય તંત્ર દ્વારા સંપુર્ણ આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ જીલ્લાના પાંચ વર્ષથી નીચેના ૩,૫૨,૨૦૧ બાળકોને રસી આપવા માટે ૧૪૦૯ રસીકરણ બૂથ તેમજ ૨૮૧૮ રસીકરણ ટીમો, બનાવવામાં આવી છે. પ્રત્યેક ટીમમાં આરોગ્ય કર્મચારીઓ, આશા,આંગણવાડી કાર્યકર તથા સ્વંયસેવકો ફરજ નિભાવશે. રસીકરણ એ પોલીયોનાબુદીમાટેનોશ્રેષ્ઠ માર્ગ છે. તેઅંગેના તમામ આયોજનના અસરકારક અમલ માટે ૨૮૨ સુપરવાઈઝરો નીમવામાં આવ્યા છે. અંતરીયાળ વિસ્તારમાં કામગીરી કરવા માટે ૧૦ મોબાઈલ ટીમો અને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી સંખ્યામાં જ્યાં લોકો એકત્રિત થાય છે તેવી જગ્યાઓ માટે ૭૩ ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે. જેના મારફતે ૨૩ જુન રવિવારના રોજ પોલીયો બૂથ પર ટીપા પીવડાવવામાં આવશે તથા કોઈ બાળક રહી જાય તે માટે ૨૪ અને ૨૫ જુનનારોજ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે–ઘરે જઈને બાળક રસીકરણથી વંચિતનથી તેની ખાત્રી કરવામાં આવશે.જોપોલીયો રસીકરણમાં કોઈબાળક બાકી હશે તો સ્થળ પર જ રસીકરણ કામગીરી કરવામાં આવશે.

# ખેડૂતોએ આગામી ખરીફઋતુમાં તુવેરપાકના વાવેતરની તૈયારીઓને ધ્યાને રાખી સુકારો (વિલ્ટ) રોગના નિયંત્રણ માટેના પગલાં લેવા



દાહોદ

દાહોદમા 'ખેડૂતોએ 'જમીનજન્ય રોગ પ્રતિકારક જાતો ગુજરાત તુવેર–૧૦૯ (જી.ટી. ૧૦૯ શ્વેતા), એ.જી.ટી ૨. જી.જે.પી.૧. જી.ટી. ૧૦૩, જી.ટી. ૧૦૪, જી.ટી. ૧૦૫, જી.ટી. ૧૦૬, જી.જે.પી–૧, બી.ડી.એન.– અથવાવૈશાલીનું વાવેતર કરવું, દર ત્રણ વર્ષે દિવેલા કે જુવાર પાકની સાથે પાક ફેરબદલી કરવી, જમીનની તૈયારી વખતે ૧૦ ટન પ્રેસમડ અથવા ટ્રાયકોડરમાંહરજીયાનમ ફૂગની વૃધ્ધિ કરેલ હોય તેવું છાણિયું ખાતર ૨ ટન પ્રતિ હેક્ટર મુજબ ચાસમાં આપવું, જૈવિક પદ્ધતિથી બીજ માવજત માટે ૪ ગ્રામ ટ્રાયકોડરમાં હરજીનીયમ અને ૨ ગ્રામ વાઈટાવેક્ષ પ્રતિ કી.ગ્રા. બીજ મુજબ બીજ માવજત આપવી. રાસયણિક પદ્ધતિથી બીજ માવજત માટે બીજને કાર્બેન્ડેઝીમ ૫૦% અને થાયરમ ૫૦% (૧:૨)ના પ્રમાણમાં મિશ્ર કરી ૩ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. મુજબ બીજ માવજત આપવી, તુવેરમાં વંધ્યત્વ રોગના નિયંત્રણ માટે પાકની સમયસર વાવણી કરવી તેમજ બે હાર વચ્ચે ૩૦ થી ૪૦ સે.મી.નું અંતર રાખવું, વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.આ અંગેની વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/ખેતી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/જીલ્લા ખેતીવાડી અધિકારી /નાયબ. ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવાજીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ દ્વારાજણાવાયુંછે.

# દાહોદના ટાઢાગોળ ગામે નવા બનતા કોરીડોર રસ્તા ઉપર વોચ દરમિયાન એકસયુવી કાર માંથી ૧.૨૯ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

ગતરોજ મોડી સાંજે ચાકલિયા પોલીસે ટાઢાગોળા ગામે નવા બનતા કોરીડોર રસ્તા પરથી જરૂરી વોચ દરમિયાન રૂપિયા ૧.૨૯ લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂબિયરના જથ્થા સાથે મહિન્દ્રા કંપનીની એક્સ.યુ.વી. કાર ઝડપી પાડી રૂપિયા બે લાખની કિંમતની કાર સહિત કુલ રૂપિયા ૩,૨૯૪૮૦/– ના મુદ્દામાલ સાથે કારના ચાલકની અટકાયત કર્યાનું પોલીસ વર્તુલો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાની ચાકલીયા પોલીસ ગઈકાલે સાંજે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મહેન્દ્રા કંપનીની જીજે.૨૦.એએચ.૨૫૭૪ નંબરની એકસ યુ વી કાર મધ્યપ્રદેશ બાજુથી વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરી ચાકલીયા તરફ આવતી હોવાની બાતમી મળી હતી. જે બાતમીને આધારે ચાકલિયા પોલીસ ટાઢા ગોળા ગામે નવીન બનતા કોરીડોર રસ્તા પર ગુપ્ત વોચ ગોઠવી પોતાના શિકારની રાહ જોતી ઉભી હતી. તે દરમિયાન મોડી સાંજના સવા સાત વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ નંબર વાળી મહેન્દ્રા કંપનીની એકસ.યુ.વી. કાર નજીક આવતા જ વોચમાં ઉભેલ ચાકલીયા પોલીસે કારને હાથનો ઈશારો કરી ઉભી રખાવી કારની તલાસી લઈ કારમાંથી લંડન પ્રાઈડ વિસ્કીની રૂપિયા ૧,૦૬,૦૮૦/–ની કુલ કિંમતની પેટીઓ નંગ–૧૩ માં ભરેલ બોટલ નંગ ૬૨૪ તથા રૂપિયા ૨૩,૪૦૦/– ની કુલ કિંમતના માઉન્ટસ બિયરના ટીન નંગ– ૧૮૦ મળી કુલ રૂપિયા ૧,૨૯,૪૮૦/– ની કુલ કિંમતના વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલ નંગ– ૮૦૪ પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા બે લાખની કિંમતની મહિન્દ્રા કંપનીની એક્સ યુ વી કાર મળી કુલ રૂપિયા ૩,૨૯૪૮૦/– ના મુદ્દામાલ સાથે એકસ યુ વી કારના ચાલક દિલીપભાઈ કાળુભાઈ ભાભોરની અટકાયત કરી તેના વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી સદર દારૂનો જથ્થો કયાંથી લાવવામાં આવ્યો ? અને કયાં પહોંચાડવાનો હતો ? તે બાબતની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પાવાગઢ ખાતે પુનઃ સ્થાપિત મૂર્તિઓનો વાસક્ષેપ

# પાવાગઢ તીર્થના મંદિરોના દર્શન લઘુ શત્રુંજય સમાનઃ ડૉ. અજીતચંદ્ર સાગર વિજયજી મહારાજશ્રી



ગોધરા,
પાવાગઢ ખાતે વડોદરા, હાલોલ, સુરત, અમદાવાદ સહિતના સ્થળો ઉપરથી જૈન શ્રાવકો વર્ધમાન નિધિ આચાર્ય નયચંદ્રસાગર સુરીશ્વરજી મહારાજની મૂર્તિ ડૉ. અજીત ચંદ્રસાગર વિજયજી મહારાજની નિશ્રામાં ૪૦૦ યાત્રિકોનો સંઘ પહોંચ્યો હતો અને પૂનઃસ્થાપિત કરવામાં આવેલ મૂર્તિઓને વાસક્ષેપ કરી પૂજા અર્ચના કરી હતી.પાવાગઢ ખાતે પહોંચેલ જૈન સંઘ અંગે જૈન અગ્રણી દિપક શાહે જણાવ્યું કે, રવિવારના દિવસે મૂર્તિઓ ઉખાડી નાખવા આવ્યા બાદ રાજયના મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સુચનાથી મૂર્તિઓનો પૂનઃસ્થાપિત કરવામાં આવી છે. જે બાદ આજે ૪૦૦ શ્વેતામ્બર યુવાનો સાથે સહસ્ત્રાવધાની ડૉકટર અજીતચંદ્ર સાગર વિજયજી મહારાજે બધા મંદિરોની વાસક્ષેપથી પૂજા કરી હતી. શ્રવાકોએ શ્રીફળ ચડાવ્યા હતા. લવકુશ પગલાં તથા માતાજીના દર્શન કર્યા હતા. સહસ્ત્રાવધાની ડૉકટર અજીતચંદ્ર સાગર વિજયજી મહારાજે જણાવ્યું કે, શેત્રુંજય મહાતીર્થની ચાત્રા કરવા જે લાભ મળે છે તે લાભ પાવાગઢ તીર્થ ઉપર યાત્રા કરવાથી મળે છે. પાવાગઢ તીર્થના મંદિરોના દર્શન એ લઘુ શત્રુંજય છે. આ મૂર્તિઓ પૂનઃ સ્થાપિત કરવા આંદોલન કરનાર પન્યાસ પ્રેમ વિજયજી મહારાજ આચાર્ય યશોવર્મા સુરીશ્વરજી, આચાર્ય ભાગ્ય સુરિશ્વરજી મહારાજ તથા તમામ જૈન સંઘોને અભિનંદન આપ્યા હતા.

## ગોધરા પશ્ચિમ વિસ્તાર રહેમતનગરમાં બોગસ જોલા છાપ તબીબના દવાખાના ઉપર રેઈડ કરી તબીબને ઝડપ્યો



ગોધરા,
ગોધરા પશ્ચિમ વિસ્તારમાં રહેમતનગરમાં જોલા છાપ તબીબ કોઈપણ જાતની ડીગ્રી વગર દવાખાનું ચલાવીને એલોપેથીક દવા સારવાર કરી દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતો હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી ૧૫,૨૯૩/– રૂપીયાનો મુદ્દામાલ સાથે બોગસ તબીબને ઝડપી પાડવામાં આવ્યો.
પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા પશ્ચિમ વિસ્તાર રહેમતનગરમાં કોઈપણ જાતની ડીગ્રી વગર જોલા છાપ તબીબ દવાખાનું ચલાવી રહ્યા હોય અને દર્દીની એલોપેથીક સારવાર કરીને દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતો હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રહેમતનગરમાં છાપો મારી જોલા છાપ તબીબ ઉમર ફારૂક યુસુફ વાઢેલને ઝડપી પાડવામાં આવ્યો. બોગસ તબીબની દવાખાના માંથી એલોપેથીક દવાઓ તથા ઈન્સ્ટુમેન્ટ કિંમત ૧૫,૨૯૩/– રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબ તે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે મેડીકલ પ્રેકટીસ એકટ ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઘોઘંબાના વિરાપુરા ગામે દવાખાનું ચલાવતા જોલાછાપ તબીબને એસ.ઓ.જી.પોલીસે ઝડપ્યો



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના વિરાપુરા ગામે જોલાછાપ તબીબ દ્વારા દવાખાનું ચલાવી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતો હોય તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસ છાપો મારી જોલાછાપ તબીબને ઝડપી પાડયો.
વિસ્તૃત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના વિરાપુરા ગામે કોઈપણ પ્રકારી ડીગ્રી વગર જોલાછાપ બોગસ તબીબ દવાખાનું ચલાવી રહ્યો છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડમાં ડીગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા બોગસ તબીબ રમજાની સુલેમાન બિદાની (રહે. ગોન્દ્રા, ગોધરા)ને ઝડપી પાડયો હતો અને કિલનીક માંથી ૪૨,૨૪૧/–રૂપીયાના મેડીકલ સાધનો અને એલોપેથીક દવાઓ જપ્ત કરવામાં આવી. આ બાબતે રાજગઢ પોલીસ મથકે બોગસ તબીબ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી.

## ગોધરા-આણંદ રેલ્વે લાઈન ઉપર ટીમ્બા પાસે માલગાડીના ત્રણ ડબ્બા ટ્રેક ઉપરથી ઉતરી જતાં રેલ્વે અધિકારીઓ દોડી આવ્યા



ગોધરા,
ગોધરા–આણંદ રેલ્વે લાઈન ઉપર ટીમ્બા રેલ્વે સ્ટેશન પાસે માલગાડીના ત્રણ ડબ્બાઓ ટ્રેક ઉપરથી ઉતરી જતાં રેલ્વેના ઉચ્ચ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી.
ગોધરા–આણંદ રેલ્વે લાઈન ઉપરથી ટીમ્બા રેલ્વે સ્ટેશન પાસે વન્ડર સીમેન્ટ ફેકટરી માટે સીમેન્ટનો જથ્થો ખાલી કરવા માટે માલગાડી ઉભેલ હતી. ઉભેલ માલવાડી રેક અચાનક ૫ કિમી સુધી બેક આવતાં ગુડર્સ ટ્રેનના પાછળના ત્રણ ડબ્બાઓ રેલ્વે ટ્રેક ઉપરથી ઉતરી ગયા હતા. માલગાડીના ત્રણ ડબ્બાઓ પાટા ઉપરથી ઉતરી જતાં રેલ્વે વ્યવહારને અસર જ થાય તે માટે રેલ્વે વિભાગના ઉચ્ચઅધિકારીઓની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી.

## ગોધરા ભુરાવાવ-પાવર હાઉસ પાસેથી ચોરીની બાઈક સાથે ઈસમને ઝડપી શહેરા પોલીસ મથકની બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો

ગોધરા,
ગોધરા એ ડીવીઝન પોલીસને મળેલ બાતમી મળી હતી કે, ભુરાવાવ વિસ્તાર માંથી એક ઈસમ નંબર પ્લેટ વગરની ચોરીની બાઈક વેચવા માટે પાવર હાઉસ તરફ જનાર છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવી ઈસમને ચોરીની બાઈક સાથે ઝડપ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એ ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, ભુરાવાવ વિસ્તાર માંથી એક ઈસમ નંબર પ્લેટ વગરની ચોરીની બાઈક લઈને વેચવા માટે પાવર હાઉસ તરફ જનાર છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને કાર્તિક પરમારને ઝડપ્યો હતો અને બાઈકના કાગળો માંગતા ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે ઈ–ગુજેકપમાં સર્ચ કરતા બાઈક નંબર અને માલિકનું નામ આવ્યું હતું. જેને લઈ કાર્તિક પરમારને કડકાઈથી પુછપરછ કરતા આ બાઈક તેના મિત્ર ફેઝલખા અંસારી શહેરા ખાતેથી ૭ મહિના પહેલા ચોરી કરી સંતાડી રાખી હતી અને મને વેચવા માટે આપી હતી અને જે પૈસા આવશે તેમાંથી ભાગ આપવાનું જણાવેલ હતું. ગોધરા એ ડીવીઝન પોલીસે ચોરીની બાઈક સાથે ઝડપી શહેરા પોલીસ મથક્નો બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો.

## ગોધરા તાલુકાના ટીમ્બા ગામે ઈન્ડીયન ગેસ એજન્સી ઉપર જીલ્લા પુરવઠા અધિકારીની આકસ્મિક ચેકીંગમાં અનેક ક્ષતિઓ સામે આવતાં નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી



ગોધરા,
પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ગોધરા ગ્રામ્ય મામલતદારની ટીમ દ્વારા ગોધરા તાલુકાના ટીમ્બા ગામે આવેલ ટીમ્બા ઈન્ડીયન ગેસ એજન્સીમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. અનેક ક્ષતિઓ સામે આવતાં ગેસ એજન્સી સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી.ગોધરા તાલુકાના ટીમ્બા ગામે આવેલ ટીમ્બા ઈન્ડીયન ગેસ એજન્સીમાં પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા તેમની ટીમ અને ગોધરા(ગ્રામ્ય) મામલતદાર અને ટીમ દ્વારા સંયુકત રીતે આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું. ગેસ એજન્સીમાં તપાસ દરમિયાન અનકે ક્ષતિઓ સામે આવી હતી. જેમાં ગેસ સીલીન્ડર બાબતે ગ્રાહકોની ફરિયાદમાં અધિકારીના નામ અને મોબાઈલ નંબર વિગત દર્શાવતું બોર્ડ લાગેલ ન હતું, સ્થળ ઉપર ખુલતા સ્ટોક, બંધ સ્ટોક તથા ભાવની વિગતો બોર્ડ ઉપર નિભાવેલ ન હતું, સ્ટોક રજીસ્ટર નિભાવેલ ન હતું, સ્ટોક પત્રકમાં આજની તારીખનો સ્ટોક દર્શાવેલ ન હતો, રેગ્યુલર સ્ટોક રજીસ્ટર નિભાવેલ નથી, એલપીજી રબર હોજ પાઈપનું રજીસ્ટર નિભાવેલ નથી. બે બોટલ એકસપાયરી ડેટવાળા મળી આવ્યા, એજન્સી દ્વારા હોમ ડીલીવરી કરવામાં આવતી નથી. એજન્સી સ્થળે કામના કલાકો લખવામાં આવ્યો ન હતા. જે અંતર્ગત ટીમ્બા ઈન્ડીયન ગેસ એજન્સી દ્વારા એલપીજી ઓર્ડર ૨૦૦૦ની કંડીકા ૮,૯ તથા ૧૦નો ભંગ કરેલ હોય જેને લઈ ગેસ એજન્સી સામે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## શહેરા કન્યાશાળા પાછળ તળાવના કિનારે જુગાર રમતા ૩ ઈસમોને ૨૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

શહેરા,
શહેરા કન્યાશાળા પાછળ તળાવના કિનારે ઝાડી ઝાંખરામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ત્રણ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા. રોકડા અને મોબાઈલ ફોન નંગ–૩ મળી કુલ ૨૩,૨૪૬/–રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.
પ્રાપ્ત વિગતો મુજબ શહેરામાં કન્યાશાળા પાછળ તળાવના કિનારે ઝાડી ઝાંખરામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલી રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન શોચબ ઉર્ફે અનીલ સલીમ શેખ, મદીન રસુલ શેખ, મનસુખભાઈ રામાભાઈ નાયકને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં તેમજ દાવ ઉપર મુકેલ ૧૭,૨૪૬/–રૂપીયા રોકડા તેમજ મોબાઈલ ફોન નંગ–૩ મળી કુલ ૨૩,૨૪૬/–રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. જ્યારે જાબીર મહમંદ બેલીમ નાશી જઈ ગુનો કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના રાવળ ફળીયા પાછળ જુગાર રમતા પાંચ જુગારીયાને ઝડપ્યા

કાલોલ,
કાલોલના રાવળ ફળીયાની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પાના–પત્તાનો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી પાંચ જુગારીયાઓને ૧૭૯૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ રાવળ ફળીયાની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સુનિલ મહાવીરસિંહ સિંધ, સંજય ગીરીશભાઈ રાવળ, અરવિંદ ગોવિંદભાઈ રાવળ, પીન્ટુભાઈ નાનાભાઈ રાવળ, સંજય નટવરભાઈ રાવળને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૭૯૦/–રૂપીયા જપ્ત કરી આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ ઘોઘંબા અને હાલોલ તાલુકા માંથી ગેરકાયદેસર રેતી વહન કરતા ત્રણ વાહનો ઝડપી પાડતું ખાણ-ખનિજ વિભાગ

ઘોઘંબા,
પંચમહાલ જીલ્લા ખાણ–ખનિજ વિભાગને બાતમી મળી હતી કે, ઘોઘંબાના સીમલીયા અને હાલોલ તાલુકા માંથી એક ટ્રેકટર અને બે ટ્રકમાં ગેરકાયદેસર રીતે રેતીનો જથ્થો ભરીને પસાર થવાની છે. તેવી ચોક્કસ બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગે ચેકીંગ કરી બે ટ્રક અને ટ્રેકટર મળી દોઢ કરોડનો મુદ્દામાલ કબ્જે લઈ સીઝ કરવામાં આવ્યો છે.પંચમહાલ જીલ્લા ખાણ–ખનિજ વિભાગને બાતમી મળી હતી કે, ઘોઘંબાના સીમલીયા અને હાલોલ તાલુકા માંથી ગેરકાયદેસર રેતી ભરેલ બે ટ્રક અને એક ટ્રેકટરમાં રેતી ભરીને પસાર થનાર છે. તેવી ચોકકસ માહિતીના આધારે ખાણ–ખનિજ વિભાગે પેટ્રોલીંગ દરમિયાન એક ટ્રેકટર અને બે ટ્રક સાથે ૧.૫૦ કરોડ (દોઢ કરોડ)ના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપાયેલ ટ્રક અને ટ્રેકટર હાલોલ અને ગોધરા ખાતે સીઝ કરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કાલોલ કુમાર શાળા દ્વારા અંતર રાષ્ટ્રીય યોગ દિવસની જાળવણી માટે રેલી યોજવામાં આવી



કાલોલ,
કાલોલ કુમાર શાળા દ્વારા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની જાળવણી માટે રેલી યોજવામાં આવી કુમારશાળા : ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજ આજરોજ સવારે લોકોમાં અને સમાજમાં યોગની જાગૃતિ ફેલાય તે માટે આ વર્ષની જે થીમ છે "સમાજ માટે યોગ"એ કારગર નીવડે તે દિશામાં કાલોલ કુમાર શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા કાલોલ નગરમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકો અને ગુરૂજનો દ્વારા વાલીઓ અને કાલોલ નગરવાસીઓમાં યોગ પ્રત્યે જાગૃકતા ફેલાય તે અંગે જાણકારી આપી હતી અને આવતી કાલે યોગ દિવસની ઉજવણી માં શાળામાં હાજર રહેવા આહ્વાન આપ્યું હતું

## કાલોલના સમસ્ત હિંદુ -વૈષ્ણવ સંપ્રદાય દ્વારા મહારાજ ફિલ્મના વિરોધમાં મામલતદાર સહિત પોલીસ મથકે આવેદનપત્ર આપી સંબંધિત લોકો સામે ગુનો નોંધવા કરી માંગ




કાલોલ,
મુંબઈની પ્રસિદ્ધ હિન્દી ફિલ્મો બનાવતી પ્રોડકશન કંપની યશરાજ ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા કોઈપણ જાતના પ્રચાર પ્રસાર કે જાહેરાત કે કોઈપણ જાતના એક પણ માધ્યમો પર ટ્રેલર રિલીઝ કર્યા વિના ગુપચુપ રીતે તારીખ ૧૪/૦૬/૨૦૨૪ ના રોજ ઓટીટી પ્લેટફોર્મના નેટ ફ્લિક્સ પર મહારાજ નામની ફિલ્મ રિલીઝ કરવામાં આવી છે. જેના પર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટે આપ્યો છે.જે ફિલ્મ સૌરભ શાહ દ્વારા લખવામાં આવેલ મહારાજ પુસ્તક પરથી બનાવવામાં આવેલ છે અને તે પુસ્તક ને આર.આર.શેઠ એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેમાં મહારાજ પુસ્તક પરથી યશરાજ ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડના બેનર હેઠળ મહારાજ ફિલ્મ બનાવવામાં આવી છે. જેમાં બોલીવુડના જાણીતા અભિનેતા અમીરખાનના પુત્ર જુનેદ ખાન પ્રથમવાર અભિનય કરી રહયો છે. જે જુનેદખાનની અભિનેતા તરીકેની પ્રથમ ફિલ્મ છે. જેમાં મહારાજ ફિલ્મમાં સમગ્ર વિશ્વના કરોડો ભક્તોના આરાધ્યા ભગવાન કૃષ્ણની છબીને પૃષ્ઠભૂમિમાં બતાવી હિન્દુ ધર્મના ધર્મગુરૂને ખૂબજ ગંદી અને ખોટી રીતે ફિલ્મમાં દર્શાવી ધર્મગુરૂં ને ખોટી રીતે ફિલ્મમાં ચિત્રિત કરી વિશ્વના કરોડો હિન્દુઓના હૃદયમાં વસેલા અને તેઓના હૃદય પર રાજ કરનાર ભગવાન કૃષ્ણની છબીને ખોટી રીતે બતાવી ધર્મગુરૂના પાત્રને ગંદી રીતે બતાવવાનો હિન પ્રયાસ કરાયો છે. જેને લઈને સમસ્ત સનાતન ધર્મમાં માનનારા તમામ હિન્દુઓ સહિત સમસ્ત વિશ્વના વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલા તમામ હિન્દુ ધર્મના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાની કોશિષ કરવામાં આવી છે. જેને લઈને સમગ્ર વિશ્વભરમાં રહેતા તેમજ ભારત ભરના અને ગુજરાત રાજયના તમામ વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલા લોકોમાં મહારાજ ફિલ્મ તેમજ તેના બેનરને લઈને ભારે વિરોધ સાથે ગુસ્સો પેદા થવા પામ્યો છે. જેને લઈને સમગ્ર ગુજરાત રાજ્ય સહિત દેશભરમાં પુસ્તક લખનાર સૌરભ શાહ તેને પ્રકાશિત કરનાર કંપની તેમજ ફિલ્મ બનાવનાર યશરાજ ફિલ્મ્સ તેમજ ફિલ્મના ડાયરેક્ટર ફિલ્મના કલાકારો સહિતના લોકો સામે ભારે ગુસ્સો પેદા થયો છે અને તમામની સામે ફરિયાદ દાખલ કરવા માટેની ઉગ્ર માંગ સાથે ઠેર–ઠેર તંત્રને આવેદનપત્ર આપી તાત્કાલિક અસરથી ગુનો નોંધવા માટેની માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ૩:૩૦ કલાકે હિંદુ ધર્મના અનુયાયીઓ પ્રાયગરાજ ચોક્માં એકઠા થઈ બાઈક રેલી કાઢી સમસ્ત વૈષ્ણવ સંપ્રદાય અને સનાતન હિંદુ સમાજ દ્વારા મહારાજ ફિલ્મનો વિરોધ કરી આ ફિલ્મને વખોડી કાઢી તેની સાથે સંકળાયેલા તમામ લોકો સામે ગુનો દાખલ કરવાની ઉગ્ર માંગ સાથે ભારે સૂત્રોચાર કરી કાલોલ મામલતદાર કચેરી અને કાલોલ પોલીસ મથકે પહોંચી કાલોલ મામલતદાર યોગેન્દ્રસિંહ પુવાર અને કાલોલ પોલીસ મથકે પીએસઆઈ એલ.એ.પરમારને આવેદનપત્ર પાઠવી મહારાજ ફિલ્મ ઉપર તાત્કાલિક રોક લગાવવા અને મહારાજ ફિલ્મ બનાવનાર તેમજ તેનું ડાયરેક્શન કરનાર તેની સ્ટોરી લખનાર તેમજ તેની અંદર અભિનય કરનાર અને આવી વાહિયાત ફિલ્મ સાથે સંકળાયેલા તમામ લોકો સહિત મહારાજ પુસ્તક લખનાર સૌરભ શાહ અને તેને પ્રકાશિત કરનાર કંપની સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરી વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આવા તમામ લોકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની માંગણી કરાઈ છે અને સમગ્ર વિશ્વના કરોડો હિન્દુ ધર્મના લોકો અને વૈષ્ણવ સંપ્રદાયના લોકોની ભાવનાને ઠેસ પહોંચાડના મહારાજ ફિલ્મ સાથે જોડાયેલા અને પુસ્તક લખનાર તમામ લોકોને સામે ભારે આક્રોશ અને ગુસ્સો વ્યકત કરી તેઓની ઉપર ફિટકાર વસાવ્યો છે અને ભવિષ્યમાં આવી ફિલ્મો બનાવનારા લોકો ઉપર રોક લગાવવા માટે આ ફિલ્મ સાથે જોડાયેલા તમામ લોકોને સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી કરીને અવાર નવાર હિન્દુ ધર્મની લાગણીઓને ઠેસ પહોંચાડી ફિલ્મો બનાવતા અને પુસ્તકો લખતા લોકોને સબક મળે તેવો દાખલો બેસાડવા માટેની ઉગ્ર માંગ કરી છે.

## ગોધરા રેલ્વે પોલીસ હદના ડેરોલ-ખરસાલીયા વચ્ચે અપ જયપુર-બાંદ્રાની અડફેટમાં ૬૦ વર્ષીય વ્યકિતનું મોત

ગોધરા,
ગોધરા–વડોદરા રેલ્વે લાઈન ઉપર ડેરોલ અને ખરસાલીયા સ્ટેશન વચ્ચે ૬૦ વર્ષીય આશરાના અજાણ્યા હિન્દુ વ્યકિત અપ જયપુર–બાંદ્રા એકસપ્રેસ ટ્રેનની અડફેટમાં આવી જતાં મરણ ગયેલ હોય મૃતદેહને પી.એમ. અર્થે કાલોલ રેફરલમાં ખસેડવામાં આવ્યો.
પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–વડોદરા રેલ્વે લાઈન ઉપર ડેરોલ અને ખરસાલીયા રેલ્વે પોલીસ સ્ટેશન વચ્ચે ડી.મી.નં.૪૪૭/૦૧–૦૩ની વચ્ચે ટ્રેન નં.૧૨૯૮૦ અપ જયપુર–બાંદ્રા એકસપ્રેસ ટ્રેનની તા.૧૮ જુન ૨૦૨૪ના રોજ ૬૦ વર્ષીય આશરાનો હિન્દુ વ્યકિત અડફેટમાં આવેલ હોય ટ્રેનની અડફેટમાં આવેલ અજાણ્યા વ્યકિતને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં મરણ ગયેલ હોય મૃતકના મૃતદેહને પી.એમ. અર્થે કાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ અને મૃતદેહ કોલ્ડ રૂમમાં રાખવામાં આવેલ છે. આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ મથકે સી.આર.પી.સી.૧૭૪ હેઠળ ગુનો નોંધેલ છે અને અજાણ્યા મૃતક વ્યકિત ઉ.વ.૬૦મદયમ બાંધો, ઘઉં વર્ણ, શરીરે લાલ કલરનું સફેદ–કાળી લીટીવાળું શર્ટ, કોફી કલરનું પેન્ટ પહેરેલ છે. હાથમાં પીળાધાતુંની વીટીં પહેરેલ છે. મરણજનાર વાલીવારસોએ ગોધરા રેલ્વે પોલીસનો સંપર્ક કરવો.

## વડોદરામાં ઝાડા-ઊલટીથી થયું કિશોરીનું મોત, પરિવાર આઘાતમાં

વડોદરા,
વડોદરામાં ઝાડા ઊલટીથી કિશોરીનું મોત થયું. અણગઢ ગામમાં રહેતી જાન્વી ગોહિલની તબિયત અચાનક બગડી. ઝાડા-ઉલટી જેવી સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યામાં કિશોરીનું મોત થતા પરિવારને આઘાત લાગ્યો છે. તેઓ એટલા માટે દુઃખી થયા કે તેમની પુત્રીને કોઈ ગંભીર નો હોવા છતાં તે કેવી રીતે મૃત્યુ પામી. જો કે આ મામલાની આરોગ્ય વિભાગે પણ નોંધ લીધી છે અને વધુ માહિતી માંગી છે.
શહેરમાં અણગઢ ગામમાં રહેતી જાન્વી નામની કિશોરીની તબિયત અચાનક બગડી. કિશોરીને ઝાડા અને ઉલટી થયા બાદ ચક્કર આવવા લાગ્યા. ચક્કર આવતા તે અર્ધબેભાન થતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી. તે વિસ્તારની ગોત્રી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જ કિશોરીનું મોત થયું. હોસ્પટિલના તબીબોને પણ આશ્ચર્ય થયું છે કે સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યા પીડિત કિશોરીનું કેવી રીતે મોત થયું. તબીબો કિશોરીને અન્ય કોઈ ગંભીર બીમારી હતી કે કેમ વગેરે કારણોની તપાસ કરી રહ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.255